# ગુજરાતમાં ભાજપની આંધીએ રેકોર્ડ રચ્યો

અમદાવાદ,તા.૮
૮ ડિસેમ્બર ૨૦૨૨નો દિવસ ગુજરાતના રાજકારણના ઈતિહાસમાં અંકિત થઈ ગયો છે. આ એ દિવસ છે, જ્યારે ગુજરાત વિધાનસભામાં ક્યારેય ન જોવાયા હોય તેવા સમીકરણો રચાયા છે. ભાજપે ૧૫૦થી વધુ બેઠકો મેળવીને સૌથી વધુ બેઠકો જીતવાનો રેકોર્ડ તો સર્જ્યો જ છે, સાથે જ ભાજપ હવે એક રાજ્યમાં સૌથી વધુ સમય સુધી શાસન કરનારો પક્ષ બન્યો છે.છેલ્લા ૨૭ વર્ષથી ગુજરાતમાં સત્તા પર રહેલા ભાજપને વધુ પાંચ વર્ષ મળ્યા છે. સુશાસન અને વિકાસના મુદ્દાએ ભાજપને વધુ એક જીત અપાવી છે, એ પણ એક રેકોર્ડ સાથે. ભાજપે પોતાના ગઢ તો જાળવી રાખ્યા જ છે, પણ કોંગ્રેસના ગઢ પણ જીતી લીધા. અત્યાર સુધી ગુજરાતમાં સૌથી વધુ બેઠકો જીતવાનો વિક્રમ કોંગ્રેસ પાસે હતો. ૧૯૮૫માં માધવસિંહ સોલંકીના નેતૃત્વમાં કોંગ્રેસ ૧૪૯ બેઠકો જીતીને સત્તા પર આવી હતી. પણ

## ભાજપ રાજ્યમાં સૌથી વધુ સમય સુધી શાસન કરનારો પક્ષ બન્યો : કમળની તાકાત સામે પંજો પછડાયો, ઝાડુ વિખેરાયુ

ભાજપે ૩૭ વર્ષ બાદ આ રેકોર્ડ ધ્વસ્ત કરીને નવો રેકોર્ડ સર્જ્યો છે..ભાજપે ૧૫૦થી વધુ બેઠકો જીતીને પોતાનો લક્ષ્યાંક હાંસલ કર્યો છે. હવે ગુજરાતના રાજકારણના ઈતિહાસમાં માધવસિંહની જગ્યાએ ભૂપેન્દ્ર પટેલનું નામ લખાઈ ગયું છે. ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ભાજપે બેઠકોનો રેકોર્ડ તો તોડ્યો જ છે, પણ સાથે ભૂપેન્દ્ર પટેલે ઘાટલોડિયાથી સૌથી વધુ મતે જીતવાનો પોતાનો રેકોર્ડ પણ તોડી નાંખ્યો છે. ૨૦૧૭માં ૧,૧૭,૭૫૦ મતોની લીડ સાથે જીતેલા ભૂપેન્દ્ર પટેલ આ વખતે એક લાખ ૯૧ હજાર મતોની લીડ સાથે જીત્યા છે. જે લીડનો નવો રેકોર્ડ છે.ભાજપ સતત સાતમી વખત ગુજરાતમાં જીતી છે. તેની સાથે જ તે એક પ્રદેશ રાજ્યમાં સૌથી વધુ સમય સુધી સત્તા પર રહેનારો બીજો પક્ષ બન્યો છે. અગાઉ પશ્ચિમ બંગાળમાં માર્કસવાદી કોમ્યુનિસ્ટ પાર્ટી સતત સાત ટર્મ સુધી જીતી હતી. ઝૅ(સ)એ ૧૯૭૭થી ૨૦૧૧ સુધી સતત ૩૪ વર્ષ સુધી શાસન કર્યું છે.

ગુજરાતમાં ભાજપના ભવ્ય વિજયનો શ્રેય પ્રધાનમંત્રી મોદી, ગૃહ મંત્રી અમિત શાહ અને



પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલની વ્યુહરચના અને પ્રચંડ પ્રચારને જાય છે. મોદી અને શાહની જોડી ફરી એકવાર જીતનો પર્યાય સાબિત થઈ છે.

ભાજપે તમામ એગ્ઝિટ પોલના આંકડાને ઓવરટેક કર્યા છે, જે ભાગ્યે જ જોવા મળ્યું છે. ૧૫મી વિધાનસભાની આ ચૂંટણીમાં કોંગ્રેસ ૨૦ બેઠકોની અંદર સમેટાઈ ગઈ, જે કોંગ્રેસ માટે સૌથી મોટી પછડાટ છે. અગાઉ ૧૯૯૦માં કોંગ્રેસને સૌથી ઓછી ૩૩ બેઠકો મળી હતી. તો આમ આદમી પાર્ટી બે આંકડા સુધી પણ નથી પહોંચી શકી. આ ચૂંટણીમાં ભાજપનો વોટશેર પણ ૫૦ ટકાને પાર ગયો છે. ૨૦૧૭માં ૪૯ ટકા વોટ મેળવનાર ભાજપને આ વખતે ૫૩ ટકા જેટલા મત મળ્યા છે. જ્યારે કોંગ્રેસનો વોટશેર ૪૧.૪૪ ટકાથી ઘટીને સીધો ૨૭ ટકા પર આવી ગયો છે. જ્યારે આમ આદમી પાર્ટીને ૧૨ ટકા જેટલા વોટ મળ્યા છે. આ સાથે જ હવે ભૂપેન્દ્ર પટેલ સરકારની શપથવિધિની તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. ૧૨ ડિસેમ્બરે ગાંધીનગરમાં હેલિપેડ ગ્રાઉન્ડ પર શપથવિધિ કાર્યક્રમ યોજાશે. જેમાં પ્રધાનમંત્રી મોદી અને ગૃહમંત્રી શાહ પણ ઉપસ્થિત રહેશ

## વિધાનસભામાં વિજેતા ઉમેદવારોની યાદી

| ક્રમ | જિલ્લાનું નામ | બેઠકનું નામ | વિજેતા ઉમેદવારના નામ |
|---|---|---|---|
| ૧ | કચ્છ | અબડાસા | પ્રદ્યુમનસિંહ જાડેજા(ભાજપ) જીત્યા |
| ૨ | કચ્છ | માંડવી | અનિરુદ્ધ દવે(ભાજપ) જીત્યા |
| ૩ | કચ્છ | ભુજ | કેશવલાલ પટેલ(ભાજપ) જીત્યા |
| ૪ | કચ્છ | અંજાર | ત્રિકમ છાંગા(ભાજપ) જીત્યા |
| ૫ | કચ્છ | ગાંધીધામ | માલતી મહેશ્વરી(ભાજપ) જીત્યા |
| ૬ | કચ્છ | રાપર | વિરેન્દ્રસિંહ જાડેજા(ભાજપ) જીત્યા |
| ૭ | બનાસકાંઠા | વાવ | ગેનીબેન ઠાકોર(કોંગ્રેસ) જીત્યા |
| ૮ | બનાસકાંઠા | થરાદ | શંકર ચૌધરી(ભાજપ) જીત્યા |
| ૯ | બનાસકાંઠા | ધાનેરા | માવજી દેસાઈ(અન્ય) જીત્યા |
| ૧૦ | બનાસકાંઠા | દાંતા(ST) | કાંતિભાઈ ખરાડી(કોંગ્રેસ) જીત્યા |
| ૧૧ | બનાસકાંઠા | વડગામ(SC) | જિજ્ઞેશ મેવાણી(કોંગ્રેસ) જીત્યા |
| ૧૨ | બનાસકાંઠા | પાલનપુર | અનિકેતભાઈ ઠાકર(ભાજપ) જીત્યા |
| ૧૩ | બનાસકાંઠા | ડીસા | પ્રવીણ માળી(ભાજપ) જીત્યા |
| ૧૪ | બનાસકાંઠા | દિયોદર | કેશાજી ચૌહાણ(ભાજપ) જીત્યા |
| ૧૫ | બનાસકાંઠા | કાંકરેજ | અમૃતભાઈ ઠાકોર(કોંગ્રેસ) જીત્યા |
| ૧૬ | પાટણ | રાધનપુર | લવિંગજી ઠાકોર(ભાજપ) જીત |
| ૧૭ | પાટણ | ચાણસમા | દિનેશ ઠાકોર (કોંગ્રેસ) જીત |
| ૧૮ | પાટણ | પાટણ | ડૉ. કિરીટકુમાર પટેલ(કોંગ્રેસ) જીત્યા |
| ૧૯ | પાટણ | સિદ્ધપુર | બળવંતસિંહ રાજપૂત(ભાજપ) જીત્યા |
| ૨૦ | મહેસાણા | ખેરાલુ | મુકેશભાઈ એમ. દેસાઈ(કોંગ્રેસ) જીત |
| ૨૧ | મહેસાણા | ઊંઝા | કિરીટ પટેલ(ભાજપ) જીત્યા |
| ૨૨ | મહેસાણા | વિસનગર | ઋષિકેશ પટેલ(ભાજપ) જીત્યા |
| ૨૩ | મહેસાણા | બહુચરાજી | સુખાજી ઠાકોર(ભાજપ) જીત્યા |
| ૨૪ | મહેસાણા | કડી(SC) | કરશન સોલંકી(ભાજપ) જીત્યા |
| ૨૫ | મહેસાણા | મહેસાણા | મુકેશ પટેલ(ભાજપ) જીત |
| ૨૬ | મહેસાણા | વિજાપુર | ડૉ. સી. જે. ચાવડા(કોંગ્રેસ) જીત |
| ૨૭ | સાબરકાંઠા | હિંમતનગર | કમલેશકુમાર પટેલ(કોંગ્રેસ) જીત |
| ૨૮ | સાબરકાંઠા | ઈડર(SC) | રમણલાલ વોરા(ભાજપ) જીત્યા |
| ૨૯ | સાબરકાંઠા | ખેડબ્રહ્મા(ST) | ડૉ. તુષાર ચૌધરી(કોંગ્રેસ) જીત્યા |
| ૩૦ | સાબરકાંઠા | પ્રાંતિજ | ગજેન્દ્ર પરમાર(ભાજપ) જીત્યા |
| ૩૧ | અરવલ્લી | ભિલોડા | પી. સી. બરંડા(ભાજપ) જીત્યા |
| ૩૨ | અરવલ્લી | મોડાસા | ભીખુભાઈ પરમાર(ભાજપ) જીત્યા |
| ૩૩ | અરવલ્લી | બાયડ | ધવલસિંહ ઝાલા(અન્ય) જીત્યા |
| ૩૪ | ગાંધીનગર | દહેગામ | બલરાજસિંહ ચૌહાણ(ભાજપ) જીત્યા |
| ૩૫ | ગાંધીનગર | ગાંધીનગર સાઉથ | અલ્પેશ ઠાકોર(ભાજપ) જીત્યા |
| ૩૬ | ગાંધીનગર | ગાંધીનગર નોર્થ | રીટાબેન પટેલ(ભાજપ) જીત્યા |
| ૩૭ | ગાંધીનગર | માણસા | જયંતી પટેલ(ભાજપ) જીત્યા |
| ૩૮ | ગાંધીનગર | કલોલ | બકાજી ઠાકોર(ભાજપ) જીત્યા |
| ૩૯ | અમદાવાદ | વિરમગામ | હાર્દિક પટેલ(ભાજપ) જીત્યા |
| ૪૦ | અમદાવાદ | સાણંદ | કનુભાઈ પટેલ(ભાજપ) જીત્યા |
| ૪૧ | અમદાવાદ | ઘાટલોડિયા | ભૂપેન્દ્ર પટેલ(ભાજપ) જીત્યા |
| ૪૨ | અમદાવાદ | વેજલપુર | અમિત ઠાકર(ભાજપ) જીત્યા |
| ૪૩ | અમદાવાદ | વટવા | બાબૂસિંહ જાદવ(ભાજપ) જીત્યા |
| ૪૪ | અમદાવાદ | એલિસબ્રિજ | અમિત શાહ(ભાજપ) જીત્યા |
| ૪૫ | અમદાવાદ | નારણપુરા | જીતેન્દ્ર પટેલ(ભાજપ) જીત્યા |
| ૪૬ | અમદાવાદ | નિકોલ | જગદીશ પંચાલ(ભાજપ) જીત્યા |
| ૪૭ | અમદાવાદ | નરોડા | ડૉ. પાયલ કુકરાણી(ભાજપ) જીત્યા |
| ૪૮ | અમદાવાદ | ઠક્કરબાપાનગર | કંચનબેન રાદડિયા(ભાજપ) જીત્યા |
| ૪૯ | અમદાવાદ | બાપુનગર | દિનેશ કુશવાહ(ભાજપ) જીત્યા |
| ૫૦ | અમદાવાદ | અમરાઈવાડી | ડૉ. હસમુખ પટેલ(ભાજપ) જીત્યા |
| ૫૧ | અમદાવાદ | દરિયાપુર | કૌશિક જૈન(ભાજપ) જીત્યા |
| ૫૨ | અમદાવાદ | જમાલપુર-ખાડિયા | ઈમરાન ખેડાવાલા(કોંગ્રેસ) જીત્યા |
| ૫૩ | અમદાવાદ | મણિનગર | અમૂલ ભટ્ટ(ભાજપ) જીત્યા |
| ૫૪ | અમદાવાદ | દાણીલીમડા (SC) | શૈલેષ પરમાર(કોંગ્રેસ) જીત્યા |
| ૫૫ | અમદાવાદ | સાબરમતી | ડૉ. હર્ષદ પટેલ(ભાજપ) જીત્યા |
| ૫૬ | અમદાવાદ | અસારવા(SC) | દર્શના વાઘેલા (ભાજપ) જીત |
| ૫૭ | અમદાવાદ | દસક્રોઈ | બાબુ પટેલ(ભાજપ) જીત્યા |
| ૫૮ | અમદાવાદ | ધોળકા | કિરીટ ડાભી(ભાજપ) જીત્યા |
| ૫૯ | અમદાવાદ | ધંધુકા | કાળુ ડાભી(ભાજપ) જીત્યા |
| ૬૦ | સુરેન્દ્રનગર | દસાડા(SC) | પરષોત્તમ પરમાર(ભાજપ) જીત્યા |
| ૬૧ | સુરેન્દ્રનગર | લીંબડી | કિરીટસિંહ રાણા(ભાજપ) જીત્યા |
| ૬૨ | સુરેન્દ્રનગર | વઢવાણ | જગદીશ મકવાણા(ભાજપ) જીત્યા |
| ૬૩ | સુરેન્દ્રનગર | ચોટીલા | શામજી ચૌહાણ(ભાજપ) જીત્યા |
| ૬૪ | સુરેન્દ્રનગર | ધ્રાંગધ્રા | પ્રકાશ વરમોરા(ભાજપ) જીત્યા |
| ૬૫ | મોરબી | મોરબી | કાંતિ અમૃતિયા(ભાજપ) જીત્યા |
| ૬૬ | મોરબી | ટંકારા | દુર્લભજી દેથરિયા(ભાજપ) જીત્યા |
| ૬૭ | મોરબી | વાંકાનેર | જીતુ સોમાણી(ભાજપ) જીત્યા |
| ૬૮ | રાજકોટ | રાજકોટ ઈસ્ટ | ઉદય કાનગડ(ભાજપ) જીત્યા |
| ૬૯ | રાજકોટ | રાજકોટ વેસ્ટ | ડૉ. દર્શિતા શાહ(ભાજપ) જીત્યા |
| ૭૦ | રાજકોટ | રાજકોટ સાઉથ | રમેશ ટિલાળા (ભાજપ) જીત |
| ૭૧ | રાજકોટ | રાજકોટ રૂરલ(SC) | ભાનુબેન બાબરિયા (ભાજપ) જીત |
| ૭૨ | રાજકોટ | જસદણ | કુંવરજી બાવળિયા(ભાજપ) જીત્યા |
| ૭૩ | રાજકોટ | ગોંડલ | ગીતાબા જાડેજા(ભાજપ) જીત્યા |
| ૭૪ | રાજકોટ | જેતપુર | જયેશ રાદડિયા(ભાજપ) જીત્યા |
| ૭૫ | રાજકોટ | ધોરાજી | મહેન્દ્ર પાડલિયા(ભાજપ) જીત્યા |
| ૭૬ | જામનગર | કાલાવાડ(SC) | મેઘજી ચાવડા (ભાજપ) જીત |
| ૭૭ | જામનગર | જામનગર રૂરલ | રાઘવજી પટેલ (ભાજપ) જીત |
| ૭૮ | જામનગર | જામનગર નોર્થ | રીવાબા જાડેજા (ભાજપ) જીત |
| ૭૯ | જામનગર | જામનગર સાઉથ | દિવ્યેશ અકબરી (ભાજપ) જીત |
| ૮૦ | જામનગર | જામજોધપુર | હેમંત ખવા(આપ) જીત્યા |
| ૮૧ | દ્વારકા | ખંભાળિયા | મૂળુ બેરા(ભાજપ) જીત્યા |
| ૮૨ | દ્વારકા | દ્વારકા | પબુભા માણેક(ભાજપ) જીત્યા |
| ૮૩ | પોરબંદર | પોરબંદર | અર્જુન મોઢવાડિયા(કોંગ્રેસ) જીત્યા |
| ૮૪ | પોરબંદર | કુતિયાણા | કાંધલ જાડેજા(અન્ય) જીત્યા |
| ૮૫ | જૂનાગઢ | માણાવદર | અરવિંદ લાડાણી(કોંગ્રેસ) જીત્યા |
| ૮૬ | જૂનાગઢ | જૂનાગઢ | સંજય કોરડિયા(ભાજપ) જીત્યા |
| ૮૭ | જૂનાગઢ | વિસાવદર | ભુપતભાઈ ભાયાણી(આપ) જીત્યા |
| ૮૮ | જૂનાગઢ | કેશોદ | દેવાભાઈ માલમ(ભાજપ) જીત્યા |
| ૮૯ | જૂનાગઢ | માંગરોળ | ભગવાનજી કરગઠિયા(ભાજપ) જીત્યા |
| ૯૦ | ગીર સોમનાથ | સોમનાથ | વિમલ ચુડાસમા(કોંગ્રેસ) જીત્યા |
| ૯૧ | ગીર સોમનાથ | તાલાલા | ભગવાનભાઈ બારડ(ભાજપ) જીત્યા |
| ૯૨ | ગીર સોમનાથ | કોડીનાર(SC) | ડો. પદ્યુમન વાજા (ભાજપ) જીત |
| ૯૩ | ગીર સોમનાથ | ઉના | કાળુ રાઠોડ(ભાજપ) જીત્યા |
| ૯૪ | અમરેલી | ધારી | જે. વી. કાકડિયા(ભાજપ) જીત્યા |
| ૯૫ | અમરેલી | અમરેલી | કૌશિક વેકરિયા(ભાજપ) જીત્યા |
| ૯૬ | અમરેલી | લાઠી | જનક તળાવિયા(ભાજપ) જીત |
| ૯૭ | અમરેલી | સાવરકુંડલા | મહેશ કસવાલા(ભાજપ) જીત્યા |
| ૯૮ | અમરેલી | રાજુલા | હિરા સોલંકી(ભાજપ) જીત |
| ૯૯ | ભાવનગર | મહુવા- | શિવા ગોહિલ(ભાજપ) જીત |
| ૧૦૦ | ભાવનગર | તળાજા | ગૌતમ ચૌહાણ(ભાજપ) જીત |
| ૧૦૧ | ભાવનગર | ગારિયાધાર | સુધીર વાઘાણી(આપ) જીત્યા |
| ૧૦૨ | ભાવનગર | પાલિતાણા | ભીખા બારૈયા(ભાજપ) જીત |
| ૧૦૩ | ભાવનગર | ભાવનગર રૂરલ | પરષોત્તમ સોલંકી (ભાજપ) જીત્યા |
| ૧૦૪ | ભાવનગર | ભાવનગર ઈસ્ટ | સેજલ પંડ્યા (ભાજપ) જીત |
| ૧૦૫ | ભાવનગર | ભાવનગર વેસ્ટ | જીતુ વાઘાણી (ભાજપ) જીત |
| ૧૦૬ | બોટાદ | ગઢડા(SC) | શંભુનાથ ટુંડિયા(ભાજપ) જીત્યા |
| ૧૦૭ | બોટાદ | બોટાદ | ઉમેશ મકવાણા (આપ) જીત |
| ૧૦૮ | આણંદ | ખંભાત | ચિરાગ પટેલ(કોંગ્રેસ) જીત |
| ૧૦૯ | આણંદ | બોરસદ | રમણભાઈ સોલંકી(ભાજપ) જીત |
| ૧૧૦ | આણંદ | આંકલાવ | અમિત ચાવડા(કોંગ્રેસ) જીત્યા |
| ૧૧૧ | આણંદ | ઉમરેઠ | ગોવિંદ પરમાર(ભાજપ) જીત |
| ૧૧૨ | આણંદ | આણંદ | યોગેશ પટેલ(ભાજપ) જીત |
| ૧૧૩ | આણંદ | પેટલાદ | કમલેશ પટેલ(ભાજપ) જીત્યા |
| ૧૧૪ | આણંદ | સોજીત્રા | વિપુલ પટેલ(ભાજપ) આગળ |
| ૧૧૫ | ખેડા | માતર | કલ્પેશ પરમાર(ભાજપ) જીત્યા |
| ૧૧૬ | ખેડા | નડિયાદ | પંકજ દેસાઈ(ભાજપ) જીત્યા |
| ૧૧૭ | ખેડા | મહેમદાવાદ | અર્જુનસિંહ ચૌહાણ(ભાજપ) જીત્યા |
| ૧૧૮ | ખેડા | મહુધા | સંજયસિંહ મહિડા(ભાજપ) જીત્યા |
| ૧૧૯ | ખેડા | ઠાસરા | યોગેન્દ્રસિંહ પરમાર(ભાજપ) જીત |
| ૧૨૦ | ખેડા | કપડવંજ | રાજેશકુમાર ઝાલા(ભાજપ) જીત્યા |
| ૧૨૧ | ખેડા | બાલાસિનોર | માનસિંહ ચૌહાણ(ભાજપ) જીત્યા |
| ૧૨૨ | મહીસાગર | લુણાવાડા | ગુલાબસિંહ ચૌહાણ (કોંગ્રેસ) જીત્યા |
| ૧૨૩ | મહીસાગર | સંતરામપુર(ST) | ડો. કુબેર ડિંડોર (ભાજપ) જીત્યા |
| ૧૨૪ | પંચમહાલ | શહેરા | જેઠાભાઈ આહિર(ભાજપ) જીત્યા |
| ૧૨૫ | પંચમહાલ | મોરવાહડફ(ST) | નિમિષા સુથાર (ભાજપ) જીત્યા |
| ૧૨૬ | પંચમહાલ | ગોધરા | સી. કે. રાઉલજી(ભાજપ) જીત્યા |
| ૧૨૭ | પંચમહાલ | કલોલ | બકાજી ઠાકોર (ભાજપ) જીત |
| ૧૨૮ | પંચમહાલ | હાલોલ | જયદ્રથસિંહ પરમાર (ભાજપ) જીત |
| ૧૨૯ | દાહોદ | ફતેપુરા(ST) | રમેશ કટારા(ભાજપ) જીત |
| ૧૩૦ | દાહોદ | ઝાલોદ(ST) | મહેશ ભૂરિયા(ભાજપ) જીત |
| ૧૩૧ | દાહોદ | લીમખેડા(ST) | શૈલેષ ભાભોર(ભાજપ) જીત |
| ૧૩૨ | દાહોદ | દાહોદ (ST) | કનૈયાલાલ કિશોરી(ભાજપ) જીત્યા |
| ૧૩૩ | દાહોદ | ગરબાડા(ST) | મહેન્દ્ર ભાભોર(ભાજપ) આગળ |
| ૧૩૪ | દાહોદ | દેવગઢબારિયા | બચુભાઈ ખાબડ(ભાજપ) જીત |
| ૧૩૫ | વડોદરા | સાવલી | કેતન ઈનામદાર(ભાજપ) જીત્યા |
| ૧૩૬ | વડોદરા | વાઘોડિયા | ધર્મેન્દ્રસિંહ વાઘેલા(અન્ય) જીત્યા |
| ૧૩૭ | વડોદરા | ડભોઈ | શૈલેષ મહેતા(ભાજપ) જીત્યા |
| ૧૩૮ | વડોદરા | વડોદરા સિટી (SC) | મનીષા વકીલ (ભાજપ) જીત્યા |
| ૧૩૯ | વડોદરા | સયાજીગંજ | કેયૂર રોકડિયા(ભાજપ) જીત્યા |
| ૧૪૦ | વડોદરા | અકોટા | ચૈતન્ય દેસાઈ(ભાજપ) જીત્યા |
| ૧૪૧ | વડોદરા | રાવપુરા | બાલકૃષ્ણ શુક્લ(ભાજપ) જીત્યા |
| ૧૪૨ | વડોદરા | માંજલપુર | યોગેશ પટેલ(ભાજપ) જીત્યા |
| ૧૪૩ | વડોદરા | પાદરા | ચૈતન્ય ઝાલા(ભાજપ) જીત્યા |
| ૧૪૪ | વડોદરા | કરજણ | અક્ષય પટેલ(ભાજપ) જીત્યા |
| ૧૪૫ | છોટાઉદેપુર | છોટાઉદેપુર (ST) | રાજેન્દ્ર સિંહ રાઠવા (ભાજપ) જીત્યા |
| ૧૪૬ | છોટાઉદેપુર | પાવી જેતપુર(ST) | જયંતીભાઈ રાઠવા (ભાજપ) જીત્યા |
| ૧૪૭ | છોટાઉદેપુર | સંખેડા(ST) | અભેસિંહ તડવી(ભાજપ) જીત્યા |
| ૧૪૮ | નર્મદા | નાંદોદ (ST) | ડૉ. દર્શના વસાવા(ભાજપ) જીત્યા |
| ૧૪૯ | નર્મદા | દેડિયાપાડા (ST) | ચૈતર વસાવા (આપ) જીત્યા |
| ૧૫૦ | ભરૂચ | જંબુસર | ડી. કે. સ્વામી(ભાજપ) જીત્યા |
| ૧૫૧ | ભરૂચ | વાગરા | અરુણસિંહ રાણા(ભાજપ) જીત્યા |
| ૧૫૨ | ભરૂચ | ઝગડિયા(ST) | રિતેષ વસાવા (ભાજપ) જીત્યા |
| ૧૫૩ | ભરૂચ | ભરૂચ | રમેશ મિસ્ત્રી(ભાજપ) જીત્યા |
| ૧૫૪ | ભરૂચ | અંકલેશ્વર | ઈશ્વરસિંહ પટેલ(ભાજપ) જીત્યા |
| ૧૫૫ | સુરત | ઓલપાડ | મુકેશ પટેલ(ભાજપ) જીત્યા |
| ૧૫૬ | સુરત | માંગરોળ | ગણપત વસાવા(ભાજપ) જીત્યા |
| ૧૫૭ | સુરત | માંડવી (ST) | કુવરજી હળપતિ(ભાજપ) જીત્યા |
| ૧૫૮ | સુરત | કામરેજ | પ્રફુલ પાનસેરિયા(ભાજપ) જીત્યા |
| ૧૫૯ | સુરત | સુરત ઈસ્ટ | અરવિંદ રાણા(ભાજપ) જીત્યા |
| ૧૬૦ | સુરત | સુરત નોર્થ | કાંતિ બલ્લર(ભાજપ) જીત્યા |
| ૧૬૧ | સુરત | વરાછા માર્ગ | કુમાર કાનાણી(ભાજપ) જીત્યા |
| ૧૬૨ | સુરત | કરંજ | પ્રવિણ ઘોઘારી(ભાજપ) જીત્યા |
| ૧૬૩ | સુરત | લિંબાયત | સંગીતા પાટીલ(ભાજપ) જીત |
| ૧૬૪ | સુરત | ઉધના | મનુ પટેલ(ભાજપ) જીત્યા |
| ૧૬૫ | સુરત | મજૂરા | હર્ષ સંઘવી(ભાજપ) જીત્યા |
| ૧૬૬ | સુરત | કતારગામ | વિનુ મોરડિયા(ભાજપ) જીત્યા |
| ૧૬૭ | સુરત | સુરત વેસ્ટ | પૂર્ણેશ મોદી(ભાજપ) જીત્યા |
| ૧૬૮ | સુરત | ચોર્યાસી | સંદીપ દેસાઈ(ભાજપ) જીત્યા |
| ૧૬૯ | સુરત | બારડોલી(SC) | ઈશ્વર પરમાર (ભાજપ) જીત્યા |
| ૧૭૦ | સુરત | મહુવા (ST) | મોહન ઢોડિયા(ભાજપ) જીત્યા |
| ૧૭૧ | તાપી | વ્યારા (ST) | મોહન કોકણી(ભાજપ) જીત્યા |
| ૧૭૨ | તાપી | નિઝર (ST) | ડૉ. જયરામ ગામીત(ભાજપ) જીત્યા |
| ૧૭૩ | ડાંગ | ડાંગ (ST) | વિજય પટેલ(ભાજપ) જીત્યા |
| ૧૭૪ | નવસારી | જાલોલપોર | રમેશ પટેલ(ભાજપ) જીત્યા |
| ૧૭૫ | નવસારી | નવસારી | રાકેશ દેસાઈ(ભાજપ) જીત્યા |
| ૧૭૬ | નવસારી | ગણદેવી(ST) | નરેશભાઈ પટેલ(ભાજપ) જીત્યા |
| ૧૭૭ | નવસારી | વાંસદા(ST) | અનંતકુમાર પટેલ(કોંગ્રેસ) જીત્યા |
| ૧૭૮ | વલસાડ | ધરમપુર(ST) | અરવિંદ પટેલ(ભાજપ) જીત્યા |
| ૧૭૯ | વલસાડ | વલસાડ | ભરત પટેલ(ભાજપ) જીત્યા |
| ૧૮૦ | વલસાડ | પારડી | કનુ દેસાઈ(ભાજપ) આગળ જીત્યા |
| ૧૮૧ | વલસાડ | કપરાડા(ST) | જીતુભાઈ ચૌધરી(ભાજપ) જીત્યા |
| ૧૮૨ | વલસાડ | ઉમરગામ(ST) | રમણલાલ પાટકર(ભાજપ) જીત્યા |

## ભાજપ સામે ટકી ન શક્યા મધુ શ્રીવાસ્તવ અને દીનુ મામા

### ભાજપથી બળવો કરીને અપક્ષ ઉમેદવારી નોંધાવનારાને સ્થાનિક લોકોએ જાકારો આપ્યો

વડોદરા,તા.૮
ભાજપમાં ટિકિટ મુદ્દે બળવો પોકારીને અપક્ષ તરીકે ચૂંટણી લડનારા મધુશ્રી વાસ્તવે હારનો સામનો કરવો પડ્યો છે. મધુ શ્રીવાસ્તવે બળવો કરીને અપક્ષ ચૂંટણી લડતા સીધો ફાયદો અપક્ષ ઉમેદવારને થયો છે. વર્ષોથી ભાજપનો ગઢ બની રહેલી વાઘોડિયા બેઠક પર હવે અપક્ષ ઉમેદવાર ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ બેઠક પર જીતનો પરચમ લહેરાવ્યો છે. દબંગ ગણાતા મધુ શ્રીવાસ્તવ આ બેઠક પરથી સળંગ છ વખત પહેલા અપક્ષ અને બાદમાં ભાજપમાંથી મેન્ડેટ લઈને ચૂંટાયા હતા. મધુ શ્રીવાસ્તવે અપક્ષ ઉમેદવારી કરવાની જાહેરાત કરી દીધી હતી. આ વચ્ચે વાઘોડિયામાં આયાતી ઉમેદવાર ધર્મેન્દ્રસિંહ વાઘેલા ફાવી ગયા છે.

વડોદરાની ભાગોળની આ બેઠક ભાજપનો ગઢ મનાય છે, પરંતુ અહીં દિગ્ગજ નેતા દિનેશ પટેલ ઉર્ફે દિનુમામા લોકપ્રિય નેતા હતા. પરંતુ ભાજપથી દબંગાઈ કરવાની તેમને સજા મળી. ૨૦૨૨ની ચૂંટણીમાં તેમને સ્થાનિક પ્રજાએ જાકારો આપ્યો છે. પાદરા બેઠક પર ભાજપના ચૈતન્યસિંહ ઝાલાને ૬૬૦૫૨ મત મળ્યા છે. ચૈતન્યસિંહ ઝાલા ૬૨૨૬ મતની લીડ સાથે જીત્યા છે. કોંગ્રેસના જશપાલસિહ પઢિયારને ૫૯૮૨૬ મત મળ્યા છે. તો બળવાખોર બનેલા દિનુભાઈ પટેલ જેઓ અપક્ષ લડ્યા હતા, તેમને ૫૦૯૦૬ મત મળ્યાં છે.

### આમ આદમી પાર્ટીના મોટા માથા જ કપાયા

## આપે જેના પર દાવ લગાવ્યો તે ઈસુદાન-ઈટાલિયા-કથીરિયા હાર્યા

જામજોધપુર,તા.૮
ગુજરાત વિધાનસભાની ૨૦૨૨ ની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના મોટા માથા કહેવાતા ઈસુદાન ગઢવી, ગોપાલ ઈટાલિયા, અલ્પેશ કથીરિયા ભૂંડી રીતે હાર્યા છે. આમ આદમી પાર્ટીએ ૨૦૨૨ ની ચૂંટણી આ ત્રણેય ઉમેદવારોના દામ પર લડી હતી, પરંતું આ ત્રણેય ઉમેદવારો ગુજરાતની જનતા પર જાદુ ન કરી શક્યા. આમ આદમી પાર્ટીએ જેમને મુખ્યમંત્રીનો ચહેરો તરીકે માર્કેટિંગ કર્યું, અને જામ ખંભાળિયાથી ચૂંટણી લડાવી, એ જ ઈસુદાન ગઢવી ભુંડી રીતે હાર્યા છે. ગોપાલ ઈટાલિયા આપના પ્રદેશ અધ્યક્ષ હતા, જેઓ કતારગામથી મેદાને ઉતર્યા હતા. પરંતુ તેઓ ભાજપના ઉમેદવાર વિનુ મોરડિયા સામે જીતી ન શક્યા. અહી ગોપાલ ઈટાલિયાને હારનો સામનો કરવો પડ્યો છે.

ગોપાલ ઈટાલિયાને ૪૫૨૪૨ મત મળ્યા છે. જ્યારે વિનુ મોરડિયાને ૯૬૪૬૯ મત મળ્યા છે. તો કાકા કહીને કુમાર કાનાણી સામે પડનાર અલ્પેશ કથીરિયાને વરાછા બેઠક પર હારનો સામનો કરવો પડ્યો છે. જોકે, બહુ જ ઓછા માર્જિનથી કુમાર કાનાણી જીત્યા છે.

## નિકોલ બેઠક પર ભાજપના જગદીશ વિશ્વકર્માની જીત

અમદાવાદ,તા.૮
અમદાવાદની નિકોલ બેઠક પર ભાજપના ઉમેદવાર જગદીશ વિશ્વકર્માની જીત થઈ છે. તેમની સામે કોંગ્રેસના ઉમેદવાર રણજીત બારડ મેદાને હતા. નોંધનીય છે કે, આ બેઠક પર ૧૫,૫૧,૦૫૫ વોટ પડ્યા હતા. ટકાવારી પ્રમાણે આ બેઠક પર ૫૮.૮૪ ટકા મતદાન થયું હતું. નિકોલ બેઠક પર કુલ ૨,૫૬,૭૩૭ મતદારો છે. જેમાં ૧,૩૭,૫૭૭ પુરુષ મતદારો અને ૧,૧૯,૧૫૨ મહિલા મતદારોનો સમાવેશ થાય છે. બીજી બાજુ, ગત ૨૦૧૭ની ચૂંટણીની વાત કરીએ તો આ બેઠક પર ભાજપની જીત થઈ હતી. ૨૦૧૭માં આ બેઠક પર ૬૭.૨૫% ટકા મતદાન થયું હતું. જ્યારે ૨૪,૮૮૦ મતોથી ભાજપની જીત થઈ હતી. આવી રીતે જ વર્ષ ૨૦૧૨માં પણ ભાજપની જીત થઈ હતી. ૨૦૧૨માં આ બેઠક પર ૬૭.૭૮% ટકા મતદાન થયું હતું. જ્યારે ૪૮,૭૧૨ મતોથી કોંગ્રેસની જીત થઈ હતી. અમદાવાદ જિલ્લાની કુલ ૨૧ બેઠકો પર ૫૯.૦૫ ટકા મતદાન થયું હતું. જ્યારે જિલ્લામાં કુલ ૩૫,૪૫,૬૯૧ મતો પડ્યા હતા. જિલ્લાની બેઠકોની વાત કરીએ તો, વિરમગામ, સાણંદ, ઘાટલોડિયા, વેજલપુર, વટવા, એલિસબ્રિજ, નારણપુરા, નિકોલ, નરોડા, ઠક્કરબાપા નગર, બાપુનગર, અમરાઈવાડી, દરિયાપુર, જમાલપુર-ખાડિયા, મણિનગર, દાણીલીમડા, સાબરમતી, અસારવા, દસક્રોઈ, ધોળકા, ધંધૂકાનો સમાવેશ થાય છે.

ગુજરાત વિધાનસભા ચૂંટણીનાં પ્રથમ તબક્કાનું સરેરાશ મતદાન ૬૩.૩૧ ટકા નોંધાયું હતુ અને બીજા તબક્કાનું સરેરાશ મતદાન ૬૫.૩૦ ટકા નોંધાયું છે. આ બંનેનું સરેરાશ મતદાન ૬૪.૩૩ ટકા થયું છે. ૨૦૦૭ બાદ ગુજરાતમાં આ સૌથી ઓછું મતદાન નોંધાયું છે.